ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ અંતર્ગત સી-પેપ મશીન અને ઇન્સ્યુલીન પંપના દર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા.ફા.-૨)/અ-૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :- ૧૦/૦૮/૨૦૨૨

<u>વંચાણે લીધા:-</u>

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા.) (તબીબી સારવારના નિયમો)

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા.) (સમિતિની રચના)

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૮-૦૩-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૭-૦૭-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૧૪/૫૬૫૦૬૯/અ-૧

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૩૦-૦૮-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧

(૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૩-૧૦-૨૦૧૭નો પત્ર ક્રમાંક:- સીકેએલ/૧૦/૨૦૧૭/૫૬૫૨૮૭/અ-૧

(૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૧-૧૧-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:- તસખ/૧૦૨૦૧૭/૬૨૨૦૪૮/અ-૧

<u>આ મુ ખ :-</u>

રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો અને તેમના આશ્રિતોને તબીબી સારવારનો લાભ આપવાના હેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૨૪-૦૮-૨૦૧૫ ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે હાલ અમલમાં છે.પ્રવર્તમાન સમયમાં અનેક નવા રોગો, નિદાન પધ્ધતિઓ, સારવારની અદ્યતન પધ્ધતિઓ તથા આધુનિક ટેકનોલોજીના મેડીકલ ડિવાઇસીઝ/ઉપકરણો શોધાયા છે. જેનો આ નિયમોમાં સમાવેશ થયેલ નથી. પરંતુ રાજ્ય સરકારના કર્મચારીઓ,

અધિકારીઓ, પેન્શનરોને અને તેના આશ્રિતોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો લાભ મળી રહે તે માટે ગુજરાત સરકાર હમેશાં પ્રયત્નશીલ છે. અને નવીનતમ સારવારનો લાભ આપવા માટે ઉત્કૃષ્ટ નીતિ નિર્માણ કરે છે. આવી જ **સી-પેપ મશીન (C-PAP MACHINE)** અને **ઇન્સ્યુલીન પંપ (INSULINE PUMP)** ની નવીન તબીબી સારવારનો લાભ રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરોને અને તેના આશ્રિતોને મળી રહે તે માટે નીતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીની સઘન વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર),નિયમો,૨૦૧૫ અને તેના નિયમ- ૧૭ હેઠળ રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરોને અને તેના આશ્રિતોને **સી-પેપ મશીન (C-PAP MACHINE)** અને **ઇન્સ્યુલીન પંપ (INSULINE PUMP)** ની તબીબી સારવારનો ખર્ચ નીચે મુજબની જોગવાઇઓને આધીન મંજુર કરવાનું આથી ઠરાવે છે :

(૧) રાજ્ય સરકારનાં કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો અને તેના આશ્રિતો દ્વારા મેળવેલ **સી-પેપ મશીન (C-PAP MACHINE)** અને **ઇન્સ્યુલીન પંપ (INSULINE PUMP)** **ની તબીબી સારવારનું મેડીકલ રીએમ્બર્સમેન્ટ આ ઠરાવની જોગવાઇ અનુસાર મળવાપાત્ર થશે.**

(૨) આ ઠરાવનો લાભ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ જેને લાગુ પડે છે તે તમામને મળવાપાત્ર થશે.

(૩) આ પ્રકારની તબીબી સારવાર સરકારી / સરકારી સમકક્ષ હોસ્પિટલના અધિકૃત ચિકિત્સકશ્રી દ્વારા ભલામણ કરેલ હોવી જોઇશે.

(૪) આ પ્રકારના મશીનનું મેડીકલ રીએમ્બર્સમેન્ટ દર્દીને જીવનમાં એક જ વાર મળવાપાત્ર થશે. આ માટે દર્દીની વ્યાખ્યા ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, **૨૦૧૫ મુજબની રહેશે.**

(૫) આ પ્રકારનું મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવવા માટે કર્મચારીએ નિયત નમૂનાના પરિશિષ્ટ – ૨ માં સંબંધિત કચેરી મારફત યોગ્ય રાહે સબંધિત વહીવટી વિભાગના અભિપ્રાય / મંજૂરી સહ આરોગ્ય અને પરિવાર વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. પેન્શનરના કિસ્સામાં સંબંધિત કચેરી, કર્મચારી જે કચેરીમાંથી નિવૃત થયેલ હોય તે કચેરીને ગણવાની રહેશે. આવી દરખાસ્ત અન્વયે મંજૂરી અંગેનો નિર્ણય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી (આરોગ્ય) એ કરવાનો રહેશે.

સચિવશ્રી/અગ્ર સચિવશ્રી (આરોગ્ય) ની મંજૂરી મળ્યા બાદ સબંધિત વહીવટી વિભાગે મંજૂરીના હુકમો કરવાના રહેશે. તથા ચુકવણું સબંધિત કચેરી / જિલ્લા તિજોરી કચેરીએ (પેન્શનરના કેસમાં) કરવાનું રહેશે.

(૬) સી-પેપ મશીન (C-PAP MACHINE) અને ઇન્સ્યુલીન પંપ (INSULINE PUMP) નો ખર્ચ નીચે આપેલ દર પ્રમાણે મંજુર કરવાનો રહેશે.

ક્રમ	વિગત	મળવાપાત્ર રકમ
૧	**સી-પેપ મશીન**	રૂ.૫૫,૦૦૦/- અથવા સી-પેપ મશીનની કિંમત બે માંથી જે ઓછું હોય તે.
૨	**ઇન્સ્યુલીન પંપ**	રૂ.૧,૨૦,૦૦૦/- અથવા ઇન્સ્યુલીન પંપની કિંમત બે માંથી જે ઓછું હોય તે.

(૭) પડતર કેસોનો નિકાલ આ ઠરાવની જોગવાઇ મુજબ કરવાનો રહેશે.

(૮) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તથા આનુષાંગિક અન્ય ઠરાવોની જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૩/૦૮/૨૦૨૨ ની નોંધ અને સરકારશ્રીની તા.૦૩/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.બી.રાઠોડ)
સરકારના નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર.